# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1) **કેન્દ્રીય મંત્રીમંડળે આઠમા કેન્દ્રીય** પગારપંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી

2) **કેન્દ્રીય મંત્રીમંડળે રવિ મોસમ માટે 37 હજાર 952 કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી**

3) **ચક્રવાત તોફાન મોન્થા આજે આંધ્રપ્રદેશના કાકીનાડા નજીક ત્રાટકે તેવી સંભાવના**

4) **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે ભારતમાં SJ-100 નાગરિક વિમાનોના નિર્માણ માટે રશિયાની જાહેર કંપની સાથે સમજૂતી કરાર કર્યા**

5) **તરણમાં, ભારતનાં ધિનિધિ દેસિંઘુ-એ બહેરીનમાં એશિયન યુવા રમતગમતમાં નવો રાષ્ટ્રીય વિક્રમ બનાવ્યો**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV CABINET DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે આઠમા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી. નવી દિલ્હીમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું , પંચ તેની રચનાની તારીખથી 18 મહિનામાં પોતાની ભલામણો રજૂ કરશે. તેમણે કહ્યું, પંચમાં એક અધ્યક્ષ, એક અંશકાલિક સભ્ય અને એક સભ્ય સચિવ હશે.

**(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)**

સરકારે આ વર્ષે જાન્યુઆરીમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર અને અન્ય લાભમાં ફેરફારની તપાસ અને ભલામણ કરવા માટે આઠ-મા કેન્દ્રીય પગાર પંચની રચનાની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારના કર્મચારીઓના મહેનતાણાના માળખા, નિવૃત્તિ લાભ અને અન્ય સેવા શરતો સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિચાર કરવા અને તેમાં જરૂરી ફેરફારોની ભલામણ કરવા સમય-સમયે કેન્દ્રીય પગાર પંચોની રચના કરાય છે.

મંત્રીમંડળે રવિ મોસમ 2025-26 માટે ફોસ્ફેટિક અને પૉટાશિક ખાતર પર પોષકતત્વ આધારિત સહાયના દરને પણ મંજૂરી આપી છે. શ્રી વૈષ્ણવે કહ્યું , મંત્રીમંડળે રવિ 2025 માટે અંદાજે 37 હજાર 952 કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી છે. આ દર પહેલી ઑક્ટોબરથી અમલમાં આવશે. તેનાથી ખેડૂતોને રાહત દરવાળા, સસ્તા અને યોગ્ય કિંમત પર ખાતર મળી રહેશે.

**(BYTE: ASHWINI VAISHNAW) FARMERS**

. . . . . . . . . . . . .

# AP MONTHA

બંગાળની ખાડી પર ત્રાટકેલા ગંભીર ચક્રવાત તોફાન મૉન્થા આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તાર તરફ આગળ વધી રહ્યું હોવાથી રાજ્યમાં મુશળધાર વરસાદ અને ભારે પવન ફૂંકાઈ રહ્યા છે . આજે સાંજે કે રાત્રે મ ચિલી-પટ્ટણમ્ અને કલિંગ-પટ્ટનમ્ વચ્ચે કાકીનાડા નજીક આ વાવાઝોડું ત્રાટકવાની સંભાવના છે.

ઓડિશામાં, રાજ્યના દક્ષિણ અને દરિયાકાંઠાના જિલ્લાઓમાં આજે સવારથી જ ભારે ચક્રવાતી વાવાઝોડાની અસર હેઠળ વરસાદ પડી રહ્યો છે . મુખ્યમંત્રી મોહનચરણ માઝીએ આજે ભૂવનેશ્વરમાં ઉચ્ચ સ્તરની સમીક્ષા બેઠક યોજી મૉન્થા માટે રાજ્યની તૈયારીઓની મૂલ્યાંકન કરી હતી.

તો, પુડુચેરીનો યાનમ જિલ્લો પણ ચક્રવાતી વાવાઝોડા મૉન્થાની અસર માટે તૈયાર છે . કારણ કે , આજે બપોરથી આ પ્રદેશમાં 70થી 80 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. કેટલીક જગ્યાએ ઘણા વૃક્ષ પડી ગયા છે.

. . . . . . . . . . . . .

# VAISHNAW CYCLONE MONTHA

કેન્દ્રીય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે આજે તમામ રેલવે અધિકારીઓને ચક્રવાત મૉન્થાની અસરને જોતા ખાસ કરીને આંધ્રપ્રદેશ , ઓડિશા અને તેલંગાણાના પૂર્વ કાંઠા પર આવશ્યક સાવચેતી રાખવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ચક્રવાતને ધ્યાને રાખી રેલવેની તૈયારીઓની સમીક્ષા કરી અને અવિરત સંદેશા-વ્યવહાર તથા આપત્તિ કાર્યવાહી દળની સમયસર તહેનાતીની જરૂરિયાત પર ભાર આપ્યો. શ્રી વૈષ્ણવે તમામ રેલવે મંડળને સતર્ક રહેવા અને ચક્રવાત બાદ ટ્રેન સેવાઓને તાત્કાલિક પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

રેલવે મંત્રાલયે જણાવ્યું , ચક્રવાતને પહોંચી વળવા વાસ્તવિક સમય પર સમન્વય અને કાર્યવાહી માટે પ્રભાગીય મુજબ કક્ષ સક્રિય કરવામાં આવ્યા છે. યંત્રો અને માનવશક્તિ સહિત જરૂરી સામગ્રી , ખાસ કરીને વિજયવાડા , વિશાખાપટ્ટનમ અને ગુન્ટૂર મંડળમાં તૈયાર રખાઈ છે. પૂર્વ દરિયાકાંઠાના રેલવે , દક્ષિણ દરિયાકાંઠાના રેલવે અને દક્ષિણ-મધ્ય રેલવે મંડળની આકસ્મિક કાર્યવાહી માટે સંશાધન એકત્રિત કરવા તથા તમામ જરૂરી સલામતી સાવચેતીઓ લેવા સૂચના અપાઈ છે.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . .

# HAL CIVIL AVIATION

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ – H.A.L.-એ ભારતમાં S.J.-100 નાગરિક વિમાનોના નિર્માણ માટે રશિયાની જાહેર કંપની યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશન સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. સોશિયલ મીડિયા સંદેશમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે દેશના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં આ ઐતિહાસિક પગલાની પ્રશંસા કરી. સંરક્ષણ મંત્રીએ S.J. 100 વિમાન ઉડાન યોજના હેઠળ ઓછા અંતરના જોડાણ માટે મહત્વની સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની દિશામાં તેને મોટું પગલું ગણાવતાં શ્રી સિંઘે કહ્યું , S.J. 100 દેશમાં તૈયાર થનારું પહેલું સંપૂર્ણ પ્રવાસી વિમાન હશે. તેમણે કહ્યું , આ વિમાનના નિર્માણથી ખાનગી ક્ષેત્ર મજબૂત બનશે અને ઉડ્ડયન ઉદ્યોગમાં પ્રત્યક્ષ તથા પરોક્ષ રોજગારની તકનું સર્જન થશે.

. . . .

# TURKEY EARTHQUAKE

તુર્કીયેના પશ્ચિમ પ્રાન્ત બાલાકૅસિરમાં ગત મોડી સાંજે આવેલા છ પૂર્ણાંક એકની તીવ્રતાના ધરતીકંપમાં 19 લોકો ઇજાગ્રસ્ત થયા છે . આરોગ્ય મંત્રી કૅમલ મૅમિસોગ્લુએ સોશિયલ મીડિયા પર જણાવ્યું, ઇજાગ્રસ્તોમાંથી 15 લોકો હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે.

. . . . . . . . . .

# SWIMMING NATIONAL RECORD

તરણમાં ભારતનાં  ધિનિધિ દેસિંધુ-એ ગઈકાલે બહેરીનમાં એશિયન યુવા રમતગમત 2025માં 400 મીટર ફ્રી-સ્ટાઈલમાં નવો રાષ્ટ્રીય વિક્રમ બનાવ્યો. ધિનિધિએ ચાર મિનિટ  21 પૂર્ણાંક 86 સેકેન્ડનો સમય લઈ ફાઈનલમાં પાંચમું સ્થાન મેળવ્યું. આ સાથે જ તેમણે પોતાનો જ ચાર  મિનિટ 24 પૂર્ણાંક છ સેકેન્ડનો વિક્રમ તોડ્યો છે. આ સ્પર્ધામાં ભારતનાં અદિતિ સતીષ   હેગડે ચાર મિનિટ  32 સેકેન્ડના સમય સાથે સાતમા સ્થાને રહ્યાં હતાં.

ફ્રીસ્ટાઈલ ફાઈનલ સ્પર્ધામાં છોકરાઓમાં નીતિશસાઈ હરિનાથ   50 મીટર વર્ગમાં 23 પૂર્ણાંક 72 સેકેન્ડના સમય સાથે પાંચ-મા સ્થાને રહ્યાં છે.  400 મીટર તરણમાં દક્ષન શશિકુમાર અને 100 મીટર બટરફ્લાયમાં વેદાન્ત તન્દલે સાતમા સ્થાને રહ્યા.

. . . . . . . . .

# CHESS

ચેસમાં ડી. ગુકેશે ગઈકાલે અમેરિકાના સૅન્ટ લુઇસ ચેસ ક્લબમાં ક્લચ ચેસ ચૅમ્પિયન્સ શૉડાઉન 2025માં પ્રારંભિક સરસાઈ મેળવી. તેમજ પહેલા દિવસના સમાપન સુધી ટૅબલમાં ટોચનું સ્થાન મેળવ્યું. વિશ્વના ટોચના ખેલાડીઓ મૅગ્નસ કાર્લસન, હિકારુ નાકામુરા અને ફૅબિયાનો કરુઆના વચ્ચે મુકાબલામાં 18 વર્ષના ગુકેશે છ-માંથી ચાર પૉઈન્ટ મેળવ્યા છે. કાર્લસન ત્રણ પૂર્ણાંક પાંચ પૉઈન્ટ સાથે બીજા, નાકામુરા ત્રણ પૉઈન્ટ સાથે ત્રીજા અને કરુઆના દોઢ પૉઈન્ટ સાથે ચોથા સ્થાન પર રહ્યા.

આ સ્પર્ધા વિશ્વ ચેસના ટોચના ચાર ખેલાડીઓને એક વિશેષ રૅપિડ ફૉર્મૅટ મુકાબલામાં એકસાથે લાવે છે.

. . . . . . . .

# ICC WOMEN CRICKET

મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વકપના પહેલા સેમિ-ફાઈનલ મુકાબલામાં ઇંગ્લેન્ડ આવતીકાલે દક્ષિણ આફ્રિકા સામે રમશે. ભારતીય સમય મુજબ , કાલે બપોરે ત્રણ વાગ્યાથી ગુવાહાટીના બરસાપારા સ્ટેડિયમમાં આ મેચ રમાશે. આકાશવાણી આ મેચનું જીવંત પ્રસારણ બપોરે અઢી વાગ્યાથી અંગ્રેજી અને હિન્દીમાં પ્રસારિત કરશે.

બીજી તરફ, ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે 30 ઑક્ટોબરે નવી મુંબઈમાં સેમિ-ફાઈનલની મેચ રમાશે.

. . . . . . . . . . . . .

# PRAHLAD JOSHI

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ કહ્યું , ભારત સૌરઊર્જા ઉત્પાદનમાં સ્થાપિત ક્ષમતાનો 50 ટકા હાંસલ કરીને વૈશ્વિક સ્તરે ત્રીજા સ્થાન પર છે. નવી દિલ્હીમાં આંતર-રાષ્ટ્રીય સૌર ગઠબંધન સભાના આઠમા સત્રમાં માધ્યમોને માહિતી આપતા શ્રી જોષીએ કહ્યું , ભારતે જીવાશ્મ ઇંધણની આયાત અને પ્રદૂષણ સંબંધિત ખર્ચ ઘટાડ્યો છે. તે સ્વચ્છ ઊર્જાના આર્થિક લાભને દર્શાવે છે.

આંતર-રાષ્ટ્રીય સૌર ગઠબંધન – I.S.A. ના સભ્ય દેશોની ભૂમિકા અંગે ચર્ચા કરતા શ્રી જોષીએ કહ્યું , સભ્ય દેશો વૈશ્વિક ક્ષમતાના અંદાજે 41 ટકા ધરાવે છે , જે તેમના પ્રભાવને દર્શાવે છે. તેમણે કહ્યું , આંતર-રાષ્ટ્રીય સૌર ગઠબંધન સૌરઊર્જાને નિષ્પક્ષ, સસ્તું અને ટકાઉ બનાવવા કામ કરી રહ્યું છે.

. . . . . . . .